# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 19-04-2024** **Evening : 7.10 to 7.20**

**Day : Friday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

---

- ગુજરાતની લોકસભાની 26 બેઠકોની સામાન્ય અને રાજ્યવિધાનસભાની ખાલી પડેલી પાંચ બેઠકોની પેટાચૂંટણી માટે ભરાયેલા ઉમેદવારી પત્રોની ચકાસણી આવતીકાલે થશે.
- ભાજપના અમિત શાહ, કોંગ્રેસના પરેશ ધાનાણી સહિત વિવિધ રાજકીય પક્ષોના ઉમેદવારોએ આજે ઉમેદવારી પત્રો ભર્યા..
- લોકસભાની 17 રાજ્યો અને ચાર કેન્દ્રશાસિત પ્રદેશોની 102 બેઠકો માટે આજે સાંજના પાંચ વાગ્યા સુધીમાં સરેરાશ 62 ટકા મતદાન થયું છે..
- ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા જાહેર કરાયેલી વર્ગ-૩ની ગૃપ-એ અને ગૃપ- બીની પરીક્ષા મોકૂફ રાખવામાં આવી..
- "વિશ્વ લીવર દિવસે" અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં ૧૫૦ મું અંગદાન થયું..
- ગુજરાતમાં આગામી બે દિવસ હીટવેવની આગાહી...અમદાવાદ, અમરેલી અને સુરેન્દ્રનગરમાં આજનું મહત્તમ તાપમાન 42 ડિગ્રી નોંધાયું..

---------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# ELECTION CAMPING

ગુજરાતની લોકસભાની 26 બેઠકોની સામાન્ય અને રાજ્યવિધાનસભાની ખાલી પડેલી પાંચ બેઠકોની પેટાચૂંટણી માટે ભરાયેલા ઉમેદવારી પત્રોની ચકાસણી આવતીકાલ 20મી એપ્રિલે થશે. જ્યારે ઉમેદવારી પત્રો પાછા ખેંચવાની છેલ્લી તારીખ 22મી એપ્રિલ હોવાથી ચૂંટણી જંગમાં કેટલા ઉમેદવારો રહ્યા છે તેની માહિતી 22મી સાંજે થશે. આ બેઠકો માટે આગામી સાતમી મેના રોજ મતદાન થશે. ઉલ્લેખનીય છે કે, સાતમી મે ના રોજ ત્રીજા તબક્કાની લોકસભાની ચૂંટણીમાં 10 રાજ્યો અને બે કેન્દ્રશાસિત પ્રદેશોની 94 બેઠકો માટે મતદાન થવાનું છે.

આજે ત્રીજા તબક્કાની ચૂંટણી માટે ઉમેદવારી પત્રો ભરવાના છેલ્લા દિવસે ભાજપના શ્રી અમિત શાહે- ગાંધીનગર બેઠક પરથી, શ્રી સી.આર. પાટીલે- નવસારી બેઠક પરથી અને સુશ્રી પૂનમ માડમે જામનગર બેઠક પરથી ઉમેદવારી પત્રો ભર્યા છે. એવી જ રીતે, કોંગ્રેસના શ્રી પરેશ ધાનાણીએ- રાજકોટ બેઠક પરથી, શ્રી નૈષધ દેસાઇએ- નવસારી પરથી અને શ્રી રામજી ઠાકોરે મહેસાણા બેઠક પરથી ઉમેદવારી નોંધાવી છે. ભરૂચ લોકસભા બેઠક ઉપર ભારત આદિવાસી પાર્ટીમાંથી છોટુભાઇ વસાવાના પુત્ર દિલીપ વસાવાએ પણ ઉમેદવારી પત્ર ભર્યું છે. આમ ભરૂચ લોકસભા બેઠક પર ત્રિપાંખિયો ચૂંટણી જંગ જામશે.

લોકસભાની 17 રાજ્યો અને ચાર કેન્દ્રશાસિત પ્રદેશોની 102 બેઠકો માટે આજે  સાંજના પાંચ વાગ્યા સુધીમાં સરેરાશ 62 ટકા મતદાન થયું છે. કેટલાંક બનાવોને બાદ કરતાં મતદાન એકંદરે શાંતિપૂર્ણ રહ્યું છે...

દરમિયાન લોકસભાની ચોથા તબક્કાની 13મી મે ના રોજ 96 બેઠકોની યોજાનારી ચૂંટણી માટે ગઇકાલે જાહેરનામું બહાર પડતા ઉમેદવારી પત્રો ભરવાનો પ્રારંભ થયો છે.

# MATDAR JAGRUTI

લોકસભા સામાન્ય ચૂંટણીમાં ચુંટણી તંત્ર દ્વારા વધુને વધુ મતદાન થાય તે માટેના સઘન પ્રયાસો હાથ ધરાઇ રહ્યાં છે.. વિવિધ જિલ્લામાં અનેકવિધ મતદાન જાગૃતિના કાર્યક્રમો યોજાઈ રહ્યા છે.

બોટાદ તાલુકાના લીંબોડા, ઢાંકણીયા, કારિયાણી, સરવઈ સહિતના ગામોમાં મતદાર જાગૃતિ કાર્યક્રમ “ચુનાવ પાઠશાલા” યોજાયો. જેમાં નાગરિકોને મતદાનના મહત્વ વિશે સમજણ આપવામાં આવી હતી. મતદાનમાં મહિલાઓની ભાગીદારી વધારવા તેમજ ઘરના તમામ પાત્રતા ધરાવતા સભ્યો મતદાન કરે તે અંગે લોકોને સમજણ અપાઈ હતી. ગ્રામજનોએ મતદાન કરવાના શપથ લીધા હતા.

ભુજ જિલ્લામાં ચુનાવ પાઠશાળા કાર્યક્રમ અંતર્ગત ગાંધીધામ જૂની સુંદરપુરી પ્રાથમિક શાળા, મોટા ગોણીયાસર, મોટા કાંડાગરા, માંડવી ખાતે મતદાન જાગૃતિ પ્રવૃત્તિ કરવામાં આવી હતી.

વડોદરા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા વોટર્સ અવરનેસ ફોરમ મતદાન જાગૃતિ અભિયાનમાં રાજ્ય સરકારના ૪૮ અધિકારીઓને સાંકળવામાં આવ્યા છે.. અત્યાર સુધીમાં આ અધિકારીઓ દ્વારા ૨૨૫ એકમોમાં

મતદાન જાગૃતિ કાર્યક્રમ યોજવામાં આવ્યા છે જેમાં ૧૧ હજાર કરતા વધુ કર્મચારીઓ દ્વારા શપથ લેવામાં આવ્યા છે.

વડોદરા જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં સ્વસહાય જૂથો-સખી મંડળો દ્વારા મતદાન જાગૃતિ કાર્યક્રમ અંર્તગત વિવિધ પ્રકારની પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. ઉપરાંત સ્વીપ અંતર્ગત શહેર-જિલ્લાની વિવિધ શાળાઓમાં મોકપોલ, પોસ્ટર સ્પર્ધા અને ચિત્ર સ્પર્ધાના માધ્યમથી મતદાન અંગે જાગૃતિ લાવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

નવસારી જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરના અધ્યક્ષસ્થાને જિલ્લાની સ્વસહાય જૂથોની બહેનો દ્વારા નવસારી જિલ્લાના ૪૦થી વધુ ગામડાઓમાં સખી મંડળની મહિલાઓને વધુમાં વધુ મતદાન માટે સામૂહિક શપથ ગ્રહણ લેવડાવી પ્રોત્સાહિત કરવામાં આવી હતી..

ભાવનગરમાં લોકસભા ચૂંટણી અંતર્ગત જિલ્લામાં "સહ પરિવાર મતદાન" નો સંદેશ આપી મતદાન જાગૃતિ કાર્યક્રમો યોજાશે..

અરવલ્લી જીલ્લામાં મતદાન જાગૃતિ અંતગર્ત ધનસુરા તાલુકામાં શ્રી. જે. એસ. હાઈસ્કૂલ ખાતે મહિલા મતદાન જાગૃતિ કાર્યક્રમ યોજાયો. જેમાં જિલ્લા ચૂંટણી અધિકારીએ મહિલાઓને સંબોધન કરતા જિલ્લામાં ૧૦૦% મહિલા મતદાન થાય તેવી અપીલ કરી હતી.. આ અભિયાનમાં મતદાન જાગૃતિ વિષય ઉપર ભવાઈ,ફેશન શો અને ગરબા અને અન્ય કાર્યક્રમ યોજવામાં આવ્યા.

મહેસાણા રેલવે સ્ટેશન ખાતે મતદાન જાગૃતિ કાર્યક્રમ હેઠળ મતદાન સેલ્ફી પોઇન્ટ તેમજ સહી ઝુંબેશ યોજાઈ હતી..

# EXAM CENCELED

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા જાહેર કરાયેલી વર્ગ-3ની ગૃપ-એ અને ગૃપ- બીની પરીક્ષા મોકૂફ રાખવામાં આવી છે.. ચુંટણી પંચના નિર્દેશ બાદ પરીક્ષા સ્થગિત કરાઈ છે.. ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા જાહેર કરાયેલી પાંચ હજાર 554 જગ્યાઓ માટેની પરીક્ષાઓ પહેલી એપ્રિલથી લેવાઇ રહી હતી..

આ અંગે વધુ માહિતી આપે છે ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળના સચિવ હસમુખ પટેલ...

**(બાઇટ- હસમુખ પટેલ)**

મોકુફ રહેલી પરીક્ષાના ઉમેદવારો માટે નવા કોલ લેટર તૈયાર કરાશે તેમજ નવી તારીખો ચૂંટણી પંચની મંજૂરી બાદ જાહેર થશે..

# SURENDRANAGAR- ELECTION

સુરેન્દ્રનગર લોકસભા બેઠકમાં સાત વિધાનસભા મતવિસ્તારોનો સમાવેશ થાય છે, જેમાં વિરમગામ, ધંધુકા, દસાડા, લીંબડી, વઢવાણ, ચોટીલા અને ધ્રાંગધ્રાનો સમાવેશ થાય છે. આ અંગે વધુ માહિતી આપે છે અમારા સુરેન્દ્રનગર જીલ્લાના પ્રતિનિધી...

**(બાઇટ- દિનેશ પરમાર)**

# CIVIL- ANAGDAN

અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં "વિશ્વ લીવર દિવસ"ના દિવસે ૧૫૦ મું અંગદાન થયું હતું..

અમદાવાદ સિવિલ હોસ્પિટલના સુપ્રીટેન્ડન્ટ ડૉ. રાકેશ જોષી એ ૧૫૦ અંગદાનની સિદ્ધિ ટીમ વર્ક અને કર્તવ્યનિષ્ઠાનું પરિણામ હોવાનું જણાવતા વધુમાં માહિતી આપી હતી કે અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં છેલ્લા ત્રણ વર્ષથી ચાલી રહેલ અંગદાનના આ મહાયજ્ઞમાં આજે એક

નોંધપાત્ર સિધ્ધી હાંસલ થઇ છે. જેમાં આજદિન સુધીમાં કુલ ૧૫૦ અંગદાન થયા છે. જેના થકી કુલ ૪૮૩ અંગોનું દાન મળ્યું છે . જે થકી ૪૬૭ લોકોને નવજીવન મળ્યું છે.

આજે વિશ્વ લીવર ડે નાં દિવસે થયેલા અંગદાનથી બે કિડની અને લીવરનું દાન મળ્યું છે. સિવિલ હોસ્પિટલ કેમ્પસની જ કિડની હોસ્પિટલમાં જરૂરિયાતમંદ દર્દીઓમાં પ્રત્યારોપણ કરવામા આવશે.

૧૫૦માં અંગદાનની વાત કરીએ તો ડીસાના રહેવાસી અને મજૂરી કામ કરતાં અર્જુનજી ઠાકોર બ્રેઈન ડેડ થતા તેમના સ્વજનોએ તેમના અંગોના દાનથી બીજા ત્રણ જરૂરિયાતમંદ વ્યકિતઓને જીવનદાન આપવાનો ઉમદા નિર્ણય કર્યો હતો...

## GUJ- WEATHER

હવામાન વિભાગે ગુજરાતમાં આગામી બે દિવસમાં હીટવેવ તીવ્ર બનવાની સંભાવના વ્યક્ત કરી છે. ખાસ કરીને સૌરાષ્ટ્ર, રાજકોટ, અમરેલી, જુનાગઢમાં આગમી દિવસોમા કપરો તાપ અને ગરમી પડી શકે છે. આગામી 24 કલાકમાં જૂનાગઢ સિહીત આસપાસના વિસ્તારોમાં તાપમાનનો પારો બેથી ત્રણ ડિગ્રી વધી શકે છે. જેને પગલે હવામાન વિભાગે બપોરના સમયે બહાર નહીં નીકળવા અપીલ કરી છે.

હવામાન વિભાગના હાલના અહેવાલ અનુસાર અમદાવાદ, અમરેલી અને સુરેન્દ્રનગરમાં 42, રાજકોટ, વડોદરા, સુરત તેમજ વલ્લભ વિદ્યાનગરમાં 40 ડિગ્રી સેલ્સિયસ મહત્તમ તપમાન નોંધાયું હતું.

## ACCIDENT

અમદાવાદ અને પંચમહાલમાં અલગ અલગ બે બનાવોમાં ચાર વ્યક્તિઓના મોત નિપજ્યા છે.. આજે સવારે અમદાવાદમાં અસારવા

વિસ્તારમાં ઐતિહાસિક દાદાહરિની વાવ પાસે એક દિવાલ ધરાશાઇ થતાં બે વ્યક્તિનાં મોત થયા છે. જ્યારે અન્ય ત્રણ વ્યક્તિઓ ઇજાગ્રસ્ત બન્યાં હતા જેમને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતાં...

જ્યારે, પંચમહાલ જીલ્લાના ગોધરાના ટુવા ગામ પાસે આજે વહેલી સવારે ટ્રેક્ટર અને ટેન્કર વચ્ચે અકસ્માત સર્જાતા દંપતીનું ઘટનાસ્થળે મોત નિપજ્યું હતુ. જ્યારે એક બાળક સહિત સાત જેટલા શ્રમિકો ઘાયલ થતા તેમને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યાં હતાં..

## RAILWAY-SUMMER

ભારતીય રેલવેએ ઉનાળા ઋતુમાં મુસાફરોને વધુ સારી સુવિધા આપવા ખાસ ટ્રેનોની વિક્રમજનક નવ હજાર, 111 ટ્રીપનું આયોજન કર્યું છે. રેલવે મંત્રાલયની યાદીમાં જણાવ્યું છે કે, ગુજરાત સહિત 14 રાજ્યોના મુખ્ય રેલવે રૂટ ઉપર આ ખાસ ટ્રેનો ચલાવાશે.

આ ઉપરાંત ઉનાળાની ઋતુને ધ્યાનમાં લઈને બધા જ રેલવે સ્ટેશનો ઉપર મુસાફરો સરળતાથી આવાગમન કરી શકે તેવી નિયંત્રણ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. આ સમગ્ર વ્યવસ્થા ઉપર દેખરેખ રાખવા વરિષ્ઠ અધિકારીઓની નિમણૂંક કરવામાં આવી છે.

એવી જ રીતે મુસાફરોને રેલવે સ્ટેશનો પર પીવાનું પાણી, બેસવાની સુવિધાઓ સુનિશ્ચિત કરવાની સૂચના દરેક વિભાગીય રેલવે મંડળોને આપવામાં આવી છે.